This Question Paper consists of 13 questions and 9 printed pages.

આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નો અને 9 છપાયેલા પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

**Code No.**
કોડ નં. **56/SS/A/G**

**Set/સેટ** **A**

# GUJARATI

## (ગુજરાતી)

## (307)

Day and Date of Examination . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
(પરીક્ષાનો વાર અને તારીખ)

Signature of Invigilators 1. ..................................................
(નિરીક્ષકોની સહી)

2. ..................................................

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

5. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 56/SS/A/G સેટ A લખવી.

GUJARATI

(ગુજરાતી)

**(307)**

સમય : 3 કલાક ] [ કુલ ગુણ : 100

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.

(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.

(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

## વિભાગ—1

**1.** નીચેના કાવ્યનું રસાસ્વાદન કરાવો : 4

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિશે વાસ કરતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો;
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટિ વારે, વળી પ્રભુ! નમસ્કાર જ હજો.
અસત્યો માંહીથી પ્રભુ! પરમ સત્યે તું લઇજા.
ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઇ જા.
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ! લઇ જા,
તુ હીણો ઝું છું, તો તુજ દરસનાં દાન દઇજા.

**અથવા**

મારી સાબરને કાંઠડે રમતો રાજ વનરા તે વનનો વણજારો.
બબે પાવા બજાવતો ડોલે રાજ વનરા તે વનનો વણજારો.
એક ઉનાળે મેવલિયો રૂઠિયો રાજ વનરા તે વનનો વણજારો,
કાંઇ સાબરનાં નીર તો સૂકાણાં રાજ વનરા તે વનનો વણજારો,
ઊંચા ડુંગરને કીધી સલામું રાજ વનરા તે વનનો વણજારો.
કાંઇ ગામડે ને કસબે રખડયો રાજ વનરા તે વનનો વણજારો.
ઠેઠ અમદા તે વાદ જઇ થંભ્યોરાજ વનરા તે વનનો વણજારો.
ભાઇ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ વનરા તે વનનો વણજારો.
કયાંક જંતરમાં જીવ જોતરાણો રાજ વનરા તે વનનો વણજારો
એને ચીપિયે ચીપિયે ચૂંપ્યો રાજ વનરા તે વનનો વણજારો.

**2.** નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો : 4

(ક) મીરાંબાઇ પેટી સાથે પુરુષોત્તમનું નામ જોડે છે તો તાળા-કૂંચી સાથે કોનાં નામ જોડે છે?

(ખ) દામોદર દોશી સાથે કેટલા વાણોતર છે? એમાંના કોઇ એકે શું કર્યું છે?

(ગ) 'વિશ્વશાંતિ'ની જરૂર શા માટે છે?

(ઘ) આંખ, કાન, નાક વગેરે ઇન્દ્રિયોને કવિ કરણો એટલે કે સાધનો તરીકે શા માટે ઓળખાવે છે?

**3.** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નના એક-બે વાક્યમાં ઉત્તર આપો : 2

(ક) મીરાંબાઇએ ચતુરભુજ શબ્દ કોને માટે વાપર્યો છે?

(ખ) શામળશા શેઠે કેડે પિત્તળની દોત શામાટે ખોસી છે?

(ગ) કવિ જગત માટે 'યુદ્ધથાકયા જગ' એમ ''યુદ્ધથાકયા'' વિશેષણ શા માટે વાપરે છે?

(ઘ) 'સ્મૃતિસુખ' અને 'સ્મૃતિદુઃખ' વચ્ચે શો ભેદ છે?

**4.** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નના ઉત્તર આપો : 8

(ક) છકડાને અને ગિલાની આર્થિક પ્રગતિને શો સંબંધ છે?

(ખ) 'છકડો' વર્તાનો બોધ છથી આઠ વાક્યોમાં લખો.

(ગ) રાજીમાના પાત્રની કઇ ત્રણ લાક્ષણિકતા તમને ગમી? કારણ આપો.

(ઘ) રાણીનો દીકરીઓ માટેનો પ્રેમ કઇ રીતે રજૂ થયો છે?

**5.** નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નના એક-બે વાક્યમાં ઉત્તર લખો : 6

(ક) ગામલોકો ગિલાને છકડા તરીકે શા માટે ઓળખતા?

(ખ) 'બે પત્ર' માં રાજીમા ઘર ન વેચવા માટે કયું કારણ આપે છે? તમને એ વાજબી લાગે છે?

(ગ) 'કોરું પત્તું' શેનું પ્રતીક સમજાય છે?

(ઘ) 'શબ્બાખૈર'નો ગુજરાતી અર્થ શું થાય?

(ઙ) 'દીકરિયું' નાટકનાં તમને ખૂબ ગમી ગયેલાં બે વાક્યો લખો.

**6.** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો (નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ તમારી ઉત્તર પુસ્તિકામાં લખો) : 10

(ક) મીરાંબાઇની ભક્તિનો પ્રકાર ............ ભક્તિગણાય.

(A) નવધા (B) પ્રેમલક્ષણા

(C) પ્રભુ (D) વૈષ્ણવ

(ખ) 'બજાજ' એ કયા પ્રદેશમાં કાપડિયા માટે જાણીતી અટક છે?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર

(C) મારવાડ (D) કચ્છ

(ગ) ''વ્હાલે લીધું વાણિયાનું રૂપ રે'' એમાં ''વ્હાલો'' એટલે

(A) શ્રીકૃષ્ણ (B) શ્રી વિષ્ણુ

(C) નરસિંહ મહેતા (D) પ્રિયતમ

(ઘ) ઘડપણને ''જીવનસંધ્યા'' શા માટે કહે છે?

(A) ઘડપણમાં જીવનના અનેક રંગો સંધ્યાની જેમ ખીલે છે

(B) હવે આથમવાની-મૂળ ઘેર જવાની વેળા આવી છે માટે

(C) ઘડપણમાં માણસ સૂરજ જેવો ફિક્કો દેખાય છે

(D) સંધ્યાના વાળુનો સમય થયો છે માટે

(ઙ) જાંબાળા, ખોપાળા, તગડી કરતાં ભડી કઇ રીતે જુદું પડે છે?

(A) ભડી મોટું શહેર છે

(B) ભાવનગર ભડી સુધી લંબાઇ ગયું છે

(C) ભડી મહોલ્લાનું જાય છે

(D) ભડીની સ્વતંત્ર ગ્રામપંચાયત નથી

(ચ) 'છકડો' વાર્તામાં ક્યા ચોઘડિયાનો વારંવાર ઉલ્લેખ છે?

(A) શુભ (B) લાભ

(C) ચલ (D) અમૃત

(છ) જેણે દરિયામાં પગ પણ ન બોળ્યા હોય તેની વાત દરિયાખેડુ શા માટે ન માને?

(A) કારણ કે તે અભણ હોય

(B) કારણ કે તેને દરિયાનો કોઇ અનુભવ ન હોય

(C) કારણ કે તે ભણેલો હોય

(D) કારણ કે તે અજાણ્યો હોય

(જ) ખારવાઓ માટે ચોપાનિયું છપાવવાનો કોઇ અર્થ નહીં રહે એવું ચિત્રકાર શા માટે કહે છે?

(A) આ ખારવાઓ વાંચવાની તકલીફ જ ન લે

(B) આ ખારવાઓ દરિયામાં રહે છે

(C) આ ખારવાઓ માત્ર નંબર વાંચી શકે છે

(D) આ ખારવાઓને વાંચતાં-લખતાં આવડતું નથી

(ઝ) દીકરા રાજીમાને શહેરમાં રહેવા બોલાવે તો માજી શું જવાબ લિખાવતા?

(A) શહેરમાં મને ફાવશે નહીં

(B) શહેરમાં વાહનો બહુ હોય છે

(C) શહેરમાં ઘોંઘાટ બહુ હોય છે

(D) શહેરમાં પાણીની તકલીફ બહુ હોય છે

(ઞ) 'દુકાનદાર' સાથે મૂકી શકાય એવો નીચેનો ક્યો શબ્દ ગણાય?

(A) ચોટદાર (B) દમદાર

(C) માલદાર (D) દમામદાર

## વિભાગ—2

**7.** નીચે આપેલા ફકરાનું એક તૃતીયાંશ સંક્ષેપીકરણ કરો : 10

જગતને ઠગનારા અને ઊંધે રસ્તે દોરનારા અનેક ઢોંગી લોકો આ જગતમાં વસે છે. તેઓ મંત્રતંત્રની અથવા હાથ-ચાલાકીની વિદ્યાથી કંઇક ચમત્કાર દેખાડી લોકોને ભોળવે છે. તેઓ અનેક નાના મોટા દેવોની લાલચભરી ઉપાસના બતાવે છે. સાધનાને નામે દોરાધાગા તરફ દોરી જાય છે. ખરું જોતાં તો માણસનું જીવન પ્રભુપરાયણ તો જ થાય કે જ્યારે દરેક પ્રકારની ચોખ્ખાઇ અથવા શુદ્ધિને તે અપનાવે. સૌથી પહેલાં વ્યવહારશુદ્ધિ આવે. સત્ય, પ્રામાણિકતા, અહિંસા જેવા સદ્‌ગુણો વિકસે તો માનવવ્યવહાર શુદ્ધ બને. તે સાથેજ વિચાર શુદ્ધિ અને આચારશુદ્ધિ પણ કેળવાય. અને એની સાથે સાથે જ આહારશુદ્ધિ તો આપોઆપ જ આવીજાય. મનુષ્યના નૈતિકજીવનના આ ચાર મુખ્ય આધાર સ્તંભો છે.

**અથવા**

એક જમાનામાં ગામડું એટલે ઊકરડો એવી માન્યતા હતી, આ માન્યતા પાછળ અનેક કારણો પણ હતાં. પણ આજે તો ઘણાં ગામડાં સાફસૂથરાં, વીજળી-પાણી-સડકની સુવિધાવાળાં જોવા મળે છે. ગામડાંમાં પણ લોકો ટી.વી. ફ્રીજ, બાઇક, કાર જેવાં સાધનોનો ઉપયોગ કરે છે. બસો અને ટ્રેનો નિયમિત થવા માંડી છે. કેળવણી અને આરોગ્યની સગવડો પણ પહોંચી છે. આભડછેટ પણ લગભગ જોવા મળતી નથી. ગ્રામપંચાયતોને કારણે લોકો પણ એક બીજા સાથે વધુ હળતાંભળતાં, અનેક સગવડોનો ઉપયોગ કરતાં, પોતોના હક્કો વિશે વધુ સભાન થયેલા જોવા મળે છે. જો કે બહુ નાનાં અને છેવાડાનાં ગામોમાં બહુ ફરક કદાચ ન પણ પડયો હોય પણ એકંદરે ગામડાંની પ્રજા સમાન સ્તરે અને સમાન જીવધોરણે રહેતી થઇ છે એવું કહી શકાય.

## વિભાગ—3

**8.** નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોનાં જવાબ આપો : 16

(ક) સામાન્ય લોકો પોતાનો મોભો અને પૈસો દેખાડવા શું શું કરે છે?

(ખ) સંતાનોના સંતોષકારક ઉછેર માટે પૂરતા પૈસા, સમય અને શક્તિ ફાળવ્યા પછી જ સમાજનાં કામો કરવાનું લોખક શા માટે કહે છે?

(ગ) કુમારિલના મૃત્યુનું નિમિત્ત કઇકઇ બાબતો બની?

(ઘ) વ્યક્તિ ઘટપણમાં જીવનનો ઉત્સાહ અને રસ ટકાવી રાખવા શું શું કરે તે પ્રમોદબાના ઉદાહરણને આધારે વર્ણવો.

(ઙ) સ્ત્રી-કેળવણીથી મહિલાઓની સામાજિક સ્થિતિ સુધરે એમ તમે માનો છો? કારણો આપો.

(ચ) પ્રમોદબાના મૃત્યુનો પ્રસંગ તમારા શબ્દોમાં લખો.

**9.** નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નના એક-બે વાક્યમાં ઉત્તર આપો : 6

(ક) 'દીવો ના બુઝે' ના લેખકનું ડોક્ટર થવાનું સપનું શા કારણે પૂરું ન થયું?

(ખ) મામાનું રજવાડી ફર્નિચર ખરીદવાની બાએ કેમ ના પાડી?

(ગ) આપણા સામાજિક રિવાજોની નબળી બાજુ અથવા મુખ્ય મર્યાદા કઇ ગણાય?

(ઘ) માનવસંસ્કૃતિના વિકાસમાં કેવી કેવી વ્યક્તિઓનો મહત્ત્વનો ફાળો ગણાય?

(ઙ) મકાનને ઘર બનાવનાર મુખ્ય બાબત કઇ ગણાય?

**10.** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો (નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી અલગ આપેલી ઉત્તર પુસ્તિકામાં લખો) : 10

(ક) બાની હાજરીથી લેખકને કેવો અનુભવ થતો?

(A) ગંગાજીની પવિત્રતાનો

(B) નર્મદા મૈયાની શીતળતા અને પવિત્રતાનો

(C) યમુના કાંઠાની શીતળતાનો

(D) કાવેરી નદીની શીતળતાનો

(ખ) લેખકના બાપુજી કેવું જીવન જીવતા?

(A) અત્યંત સાદગીયુક્ત

(B) કરકસરયુક્ત

(C) સરળ

(D) વૈભવી

(ગ) લેખક નિશાળમાં ભણતા ત્યારે પ્રવાસ-પર્યટને શા માટે ગયેલા નહીં?

(A) પ્રવાસ-પર્યટનમાં લેખકની તબિયત બગડતી

(B) લેખકને ઘર વિના ગમતું નહીં

(C) ઘરમાં પૈસા માગવાની હિંમત ચાલતી નહીં

(D) લેખકને શિક્ષકો સાથે બનતું નહીં

(ઘ) મુશાયરો એટલે શું?

(A) કોઇ ગઝલગાયક ગઝલો ગાય

(B) ગઝલગાયકોનું વાર્ષિક સંમેલન હોય

(C) શાયરો પોતાની શાયરી મંચ ઉપરથી રજૂ કરો

(D) સંગીતકારો ગઝલો ગાય

(ઙ) અબોટિયું પહેરીને રસોઇ કરવાનો રિવાજ શા કારણે શરુ થયો?

(A) અબોટિયું રેશમી હોય એટલે જલદી સળગે નહીં

(B) અબોટિયું ચોખ્ખું હોય એટલે ચોખ્ખાઇ જળવાય

(C) બધાંથી અલગ વસ્ત્ર પહેરવાથી રસોઇ કરનાર તરત ઓળખાઇ જાય

(D) એવો એક ધાર્મિક રિવાજ હોવાથી

(ચ) બાળઉછેર માટે વ્યક્તિમાં સૌથી મહત્ત્વનો ગુણ કયો જોઇએ?

(A) અનુભવ

(B) આવડત

(C) શિક્ષણ

(D) પ્રેમ અને મમત્ત્વ

(છ) 'સરમુખત્યારપણું' એટલે શું?

(A) બધાના અભિપ્રાય લઇ એ મુજબ કામ કરવું

(B) મહત્ત્વના એકબે મિત્રોના અભિપ્રાય મુજબ કામ કરવું

(C) ઇશ્વરની ઇચ્છા પ્રમાણે કામ કરવું

(D) કોઇના મત કે અભિપ્રાયની પરવા કર્યા વિના પોતાની ધૂન મુજબ કામ કરવું

(જ) પોતાની વહુઓ અને દીકરીઓથી બાને શા કારણે અસંતોષ હતો?

(A) વહુઓ અને દીકરીઓ કહયું નહોતી માનતી

(B) વહુઓ અને દીકરીઓ મોંએ ચડાવેલી હતી

(C) વહુઓ અને દીકરીઓ નાકેરીઓ કરતી હતી

(D) વહુઓ અને દીકરીઓમાં તેમની અપેક્ષા મુજબની શક્તિ અને આવડત ન હતાં તેવી તેમની માન્યતા હતી

(ઝ) મહાન થવા કરતાં સામાન્ય થવું એ સ્ત્રીનું કર્તવ્ય છે એમ બા શા માટે માનતાં હતા?

(A) સ્ત્રીઓમાં મહાન થવાની શક્તિ જ નથી

(B) સ્ત્રીનો જન્મ જ ઉત્તમ સંતાનોને ઉછેરવા થયો છે તેવી તેમની માન્યના હતી

(C) પુરુષો સ્ત્રીઓને મહાન થવા જ ન દે

(D) સામાજિક વાતાવરણ જ એવું છે

(ઞ) 'દીવો ના બૂઝે' જીવનચરિત્રમાંથી મુખ્ય બોધ કયો મળે છે?

(A) માણસે વૈભવી જીવન જીવવું

(B) માણસે સ્વાર્થા થવું

(C) માણસે પરગજુ, સાદા, સરળ થવું

(D) માણસે અપ્રામાણિકતાથી ય પૈસો ભેગો કરી લેવો

## વિભાગ—4

**11.** નીચેનામાંથી કોઈપણ **એક** વિષય પર ચારસો શબ્દોમાં નિબંધ લખો : 7

(ક) સ્ત્રી-સમ્માન

(ખ) ''મારા સપનામાં આવ્યા હરિ''

(ગ) ટપકસિંચાઇ

(ઘ) પેટનો બળ્યો ગામ બાળે

**12.** તમે ચિત્ર-હરીફાઇમાં ભાગ લીધો હતો તેનો અહેવાલ તૈયાર કરો. 7

**અથવા**

તમારું ગામ સમરસ ગામ કઇ રીતે થયું તેનો અહેવાલ તૈયાર કરો.

**13.** સૂચના પ્રમાણે ઉત્તર આપો : 10

(ક) ક્રિકેટ મજાની રમત છે. (વાક્યમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવો) 1

(ખ) સ્ત્રીસમ્માન, ટપકસિંચાઇ, સમરસ. (બે શબ્દના સમાસ ઓળખાવો) 2

(ગ) આડે પાટે ચડી જવું, કૂખ ઉઘડવી. (રુઢિપ્રયોગના અર્થ આપો) 1

(ઘ) વળતાં ટીવીનું ઇસ્ટાન્ડ ઠોકતો આવું. (વિભક્તિનો પ્રત્યય ઓળખાવો) 1

(ङ) ખોડુભા ઊતર્યા અને જિલ્લાપ્રમુખને મળ્યા. (વાક્યમાંથી સંયોજક ઓળખાવો) 1

(ચ) ડોહાના મગજમાં છકડાની રમરમાટી હાલતી હતી. (વાક્યમાં ક્રિયા છે કે પ્રક્રિયા) 1

(છ) અમે સાફસૂફી કરાવી. (વાક્ય કર્તરિ છે કે પ્રેરક રચના) 1

(જ) સવારે સૂર્ય ઊગે છે. (વાક્યનો પ્રકાર જાણાવો) 1

(ઝ) લેખકના ઘરમાં રસોઇ બા જ કરતાં. (વાક્યમાંથી વિશેષણ ઓળખાવો) 1

★ ★ ★